**મે. પાટણના એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ. પાટણ, તા.જી.પાટણ.**

ક્રીમીનલ કેસ નં.૭૯/૨૦૨૫

આંક–૦૫

**ફરીયાદી:** **શ્રી સરકાર**

**વિરૂદ્ધ**

**આરોપી:** **વિજયકુમાર સબુરભાઈ ચૌહાણ**

**ગુનોઃ–ગુજરાત નશાબંધી ધારાની કલમ–૬૬(૧)(બી) અને ૮૫(૧)મુજબ.**

## ❖~~ ચુ કા દો ~~❖

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપી વિરૂધ્ધ ગુજરાત નશાબંધી ધારાની કલમ ૬૬(૧)બી અને ૮૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે પાટણ સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન પ્રોહી, ગુ.ર.નં.૧૧૨૧૭૦૨૦૨૪૧૦૭૮/૨૦૨૪ થી ગુનો દાખલ થયેલ અને તપાસના અંતે પોલીસે આરોપી વિરૂધ્ધનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલ મફત આપ્યાની ખાતરી કરવામાં આવેલ છે.

(૩) આરોપી વિરૂધ્ધ ચાર્જફ્રેમ કરી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૪) આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપેલ છે, જેમાં એવી જાહેરાત કરેલ છે કે તેઓનો આ પ્રથમ ગુનો છે અને સામાન્ય અને ગરીબ વર્ગના છે, વધુમાં તેઓ જણાવે છે કે તેઓને કોઈ સ્થિર ધંધો નથી અને છુટક મજુરી કરી

પરીવારનું ગુજરાન ચલાવે છે અને દરરોજ નિયમીત રીતે મજુરીકામ પણ મળતું નથી તેથી તેઓની અને તેઓના પરીવારનું ગુજરાન કરી શકે તેવી સ્થિતીમાં ન હોવાથી તનાવમાં આવીને ગુનો થઈ ગયેલ છે. તેઓએ દારૂનું સેવન કરીને પીધેલ હાલતમાં કોઈ ઉપદ્રવ કરેલ નથી, ઝગડો કરેલ નથી કે અસભ્ય વર્તન કરેલ નથી તેમજ અભદ્ર ભાષા વાપરેલ નથી કે કોઈની સાથે મારામારી કરેલ નથી અને તે મુજબનો કોઈ આક્ષેપ પણ નથી. ચાર્જશીટમાં જાહેર રસ્તામાં વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં છાકટો બની લથડીયા ખાતો મળી આવ્યાનો માત્ર આક્ષેપ છે. વધુમાં, આર્થિક પરીસ્થીતી સારી ન હોઈ, ઉપરાંત રોજગાર પણ ન હોઈ ટ્રાયલ ચાલતા દરમિયાન વારંવાર અદાલતમાં આવવાની જરૂર પડે ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરૂરીયાત રહે અને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય જે તમામ હકીકતો અને પ્રથમ ગુનો હોઈ અને પોતે ભુલ સુધારવા માંગતા હોઈ અને કોર્ટની કાર્યવાહીમાં સમય અને નાણાંનો વ્યય ન થાય તે ધ્યાનમાં લઈને માફી આપવા અને રહેમ ગુજારવા જણાવેલ છે.

(૫) તમામ રેકર્ડ પરની હકીકતો લક્ષમાં લેતાં વગર પાસ પરમીટે દારૂ પી છાકટો બની લથડીયા ખાતો હોવા સંદર્ભનો આક્ષેપ છે. આરોપી વિરૂધ્ધ ફરીયાદ પક્ષનો એવો કોઈ આક્ષેપ નથી કે પીધેલ હાલતમાં કોઈની સાથે ઉપદ્રવ કરી, ઝગડો કરી, અસભ્ય વર્તન કરી, અભદ્ર ભાષા વાપરી મારામારી કરેલ. આ ગુનાની ટ્રાયલ માટે હાલના ફરીયાદના ફરીયાદી, તપાસ કરનાર અમલદાર, પંચો તેમજ મેડીકલ ઓફીસરશ્રીને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતાં નજીકના ભવિષ્યમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને ફેસલ કરવો સંભવી શકે તેમ નથી. આરોપીનો સમય, ફરીયાદપક્ષે સરકારી વકીલશ્રીનો સમય, સરકારી સાહેદોનો સમય તથા અદાલતનો સમય તથા આરોપીએ ગુના કબુલ સંદર્ભે રજુ કરેલ હકીકતો અને જયારે આરોપી પોતે પસ્તાવાની લાગણી અનુભવતો હોઈ અને આરોપીની કબુલાતથી સરકારી મશીનરીનો સમય

તેમજ અદાલતનો સમય બચી શકે તેમ હોઈ, આ તમામ પરીસ્થીતીઓને ધ્યાને લઈ તેમજ ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી ઠાકોરના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગોને ધ્યાને લઈ આરોપીને દોષીત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**❖~~ હુકમ ~~❖**

(૧) આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૬૪ અન્વયે તકસીરવાર ઠરાવીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી અને ૮૫(૧) મુજબના ગુન્હા બદલ રૂા.૩૦૦/– (અંકે ત્રણસો રૂપિયા પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે, અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૭ ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાતમુચરકા બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૧ હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હુકમની જાણ સબંધીત પોલીસ સ્ટેશને કરવી.

હુકમ આજરોજ તા.૧૬, માર્ચ, ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ:–પાટણ**
**તા.૧૬/૦૩/૨૦૨૬**

**(ધીરેન મનહરલાલ ચૌહાણ)**
U.J.C. No.GJ01006
**એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,**
**મુકામ–પાટણ,**
**જીલ્લા–પાટણ.**